# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી મોદી આજે દિલ્હીમાં 10મી 'ઇન્ડિયા મોબાઇલ પરિષદ'નું ઉદ્ઘાટન કરશે.

2) નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આજે GST કાઉન્સિલની 57મી બેઠક યોજાશે.

3) વૈશ્વિક બજારને નુકસાન પહોંચાડતી નીતિઓ રોકવા ભારત અને અમેરિકા સહિત 15 દેશોનો નિર્ણય.

4) 'અચૂક, અભેદ્ય અને સચોટ' થીમ સાથે આજે 94મા ભારતીય વાયુસેના દિવસની ઉજવણી.

5) માનુષ શાહ અને દિયા ચિત્તાલેની જોડી ચાઇના સ્મેશ ટેબલ ટેનિસની સેમિફાઇનલમાં પહોંચી.

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM - INDIA MOBILE CONGRESS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં યશોભૂમિ ખાતે ઇન્ડિયા મોબાઇલ પરિષદની 10મી આવૃત્તિનું ઉદ્ઘાટન કરશે.

આ વર્ષની થીમ 'સ્કેલ વિધાઉટ બાઉન્ડ્રીઝ' રાખવામાં આવી છે, જે ડિજિટલ ઇનોવેશન, નેક્સ્ટ-જનરેશન કનેક્ટિવિટી અને ટેકનોલોજી આધારિત વિકાસમાં ભારતની વધતી જતી ક્ષમતાઓને દર્શાવે છે. આ કાર્યક્રમમાં 100થી વધુ દેશોના 1.5 લાખથી વધુ લોકો, 600 સ્ટાર્ટઅપ્સ અને 900 ચિંતકો ભાગ લઈ રહ્યા છે.

આ પરિષદમાં 5G, 6G, AI, સેમિકન્ડક્ટર્સ અને સાયબર સિક્યોરિટી સહિતના જુના સેક્ટર્સ ઉપરાંત સ્માર્ટ મોબિલિટી, ઇન્ડસ્ટ્રિયલ રોબોટિક્સ અને ટ્રાન્સપોર્ટ ટેકનોલોજી જેવા નવા ક્ષેત્રો પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.

સાંભળીએ એક અહેવાલ........

VC: ARZOO

# SEVA SANKALP BIKE YATRA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે 17મી સપ્ટેમ્બરે ગુજરાતના વડનગરથી શરૂ થયેલી 'સેવા સંકલ્પ બાઇક યાત્રા' કાશી ખાતે પૂર્ણ થઈ હતી. યોગી આદિત્યનાથે છેલ્લા 12 વર્ષમાં કાશીમાં અને છેલ્લા 10 વર્ષમાં યુપીમાં આવેલા પરિવર્તન પર પ્રકાશ પાડ્યો હતો.

યોગી આદિત્યનાથે રાજ્યની જનતા વતી પીએમ મોદીને જાહેર જીવનમાં 25 વર્ષ સફળતાપૂર્વક પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. અને પીએમ મોદીના જન્મસ્થળ વડનગરથી તેમની કર્મભૂમિ વારાણસીમાં આવેલા મહેમાનોનું સ્વાગત કર્યું હતું.

# GST COUNCIL MEETING

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે આજે GST કાઉન્સિલની 57મી બેઠક યોજાશે. નાણામંત્રી નિર્મલા સીતારમણની અધ્યક્ષતામાં GST કાઉન્સિલની બેઠકમાં ટેક્સ વિવાદોના ઝડપી નિકાલ, ઇનપુટ ટેક્સ ક્રેડિટ (ITC) ની પ્રક્રિયા સુધારવા માટેના મહત્વના નીતિગત સુધારાઓ પર ચર્ચા કરવામાં આવશે.

GST સિસ્ટમને વધુ સરળ બનાવવા માટે સરકાર આ બેઠકમાં 'પાંચ મુદ્દાની યોજના' રજૂ કરશે. આ સુધારાઓનો મુખ્ય હેતુ જીએસટી સિસ્ટમમાં આવતી વહીવટી અડચણોને ઓટોમેટિક પદ્ધતિથી દૂર કરવાનો અને ખાસ કરીને નાના વેપારીઓ પરથી ટેક્સ ફાઇલિંગનો બોજ ઘટાડવાનો છે.

આ પાંચ મુદ્દામાં પ્રક્રિયા સુધારા, માળખાકીય સુધારા, જીવનનિર્વાહ અને વ્યવસાય કરવાની સરળતા, સેવાઓની નિકાસ અને ઈ-કોમર્સને આવરી લેવામાં આવ્યા છે.

# INDIA - USTR G20

ભારતે અમેરિકા અને અન્ય 13 દેશો સાથે મળીને એક મહત્વના સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર કર્યા છે. આ નિવેદનનો મુખ્ય હેતુ દુનિયાભરના બજારોને નુકસાન પહોંચાડતી ખોટી આર્થિક નીતિઓ પર રોક લગાવવાનો અને જરૂરિયાત કરતાં વધુ પડતા ઉત્પાદનની સમસ્યાનો ઉકેલ લાવવાનો છે.

15 દેશોની સંમતિ સાથેનું આ સંયુક્ત નિવેદન અમેરિકાના વેપાર પ્રતિનિધિની ઓફિસ દ્વારા બહાર પાડવામાં આવ્યું હતું. આ નિર્ણય 30 સપ્ટેમ્બર અને 1 ઓક્ટોબરે અમેરિકાના મિલવૌકી ખાતે યોજાયેલી G20 દેશોના વેપાર મંત્રીઓની ચર્ચા અને બેઠક બાદ લેવામાં આવ્યો છે.

આ નિવેદનમાં તમામ દેશોએ નોંધ્યું કે હવે દુનિયાના વધુ ને વધુ દેશો પોતાના સ્થાનિક ઉદ્યોગો, શ્રમિકો અને અર્થતંત્રને બજારની વ્યવસ્થા બગાડતી બિન-બજાર આર્થિક નીતિઓના નુકસાનથી બચાવવા માટે સક્રિય થઈ રહ્યા છે. આ સાથે જ તેમણે ભાર પૂર્વક જણાવ્યું કે, જો તમામ દેશો આપસમાં સહયોગ વધારશે, માહિતીની આપ-લે કરશે અને મળીને કામ કરશે તો આ પ્રયાસો વધુ અસરકારક બનશે.

હસ્તાક્ષર કરનારા દેશોમાં આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, કેનેડા, યુરોપિયન યુનિયન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઇટલી, જાપાન, કોરિયા પ્રજાસત્તાક, મેક્સિકો, પોલેન્ડ, તુર્કી, યુકે અને અમેરિકાનો સમાવેશ થાય છે.

# MEA-RUSSIA-INDIANS

ભારતે જણાવ્યું હતું કે તેણે રશિયન સેનામાં કામ કરતા 69 ભારતીય નાગરિકોના ઠેકાણા અંગે રશિયન અધિકારીઓ પાસેથી વિગતો માંગી છે. નવી દિલ્હી સતત મોસ્કોને રશિયન સેનામાં સેવા આપતા તમામ ભારતીય નાગરિકોને મુક્ત કરવા વિનંતી કરી રહ્યું છે.

સરકારના પ્રયાસોને કારણે અત્યાર સુધીમાં 139 ભારતીય નાગરિકોને મુક્ત કરવામાં આવ્યા છે, એમ વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે તેમના નિયમિત મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું. છેલ્લા કેટલાક મહિનામાં અધિકારીઓ દ્વારા શેર કરવામાં આવેલી માહિતી અનુસાર, યુક્રેનમાં સંઘર્ષની ફ્રન્ટલાઈન પર સેવા આપતા અત્યાર સુધીમાં 51 ભારતીયોના મોત થયા છે.

જયસ્વાલે કહ્યું કે કુલ 259 ભારતીય નાગરિકોને રશિયન સશસ્ત્ર દળોમાં ભરતી કરવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે. "આમાંથી, અમારા પ્રયાસો દ્વારા, અત્યાર સુધીમાં, 139 ભારતીય નાગરિકોને રશિયન સેનામાંથી મુક્તી મળી છે.

# AIR FORCE DAY

આજે 94મો ભારતીય વાયુસેના દિવસ ઉજવવામાં આવશે. આ વર્ષની ઉજવણીનો વિષય 'ભારતીય વાયુસેના - અચૂક, અભેદ્ય અને સચોટ' છે.

વાયુસેના દિવસની પૂર્વસંધ્યાએ આકાશવાણી પર આપેલા પોતાના સંદેશમાં વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલ અમર પ્રીત સિંહે જણાવ્યું હતું કે, ભારતીય વાયુસેના દેશની સલામતી માટે હંમેશા સજ્જતા અને દ્રઢ પ્રતિબદ્ધતા સાથે તૈયાર છે.

**BYTE: AIR CHIEF MARSHAL AMAR PREET SINGH**

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# JAGDALPUR COOPERATIVE CONFERENCE

છત્તીસગઢના જગદલપુરમાં આજથી બે દિવસીય રાષ્ટ્રીય સહકારી પરિષદ યોજાશે. આ પરિષદનું આયોજન કેન્દ્રીય સહકાર મંત્રાલય દ્વારા કરવામાં આવી રહ્યું છે. આ પરિષદમાં 15 રાજ્યોના સહકારી સચિવો અને 14 રાજ્યોના રજિસ્ટ્રાર ભાગ લેશે. આ પરિષદની અધ્યક્ષતા સહકાર સચિવ આશિષ કુમાર ભૂતાની કરશે.

આ બેઠક દરમિયાન બહુહેતુક પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ અને ડેરી સહકારી મંડળીઓની સ્થાપના, મંડળીઓનું કોમ્પ્યુટરાઈઝેશન, ડિજિટલ સેવાઓ, અનાજ સંગ્રહ ક્ષમતામાં વધારો કરવો અને સહકારી બેંકિંગ વ્યવસ્થાને વધુ મજબૂત કરવા જેવા મહત્વના મુદ્દાઓ પર ખાસ ચર્ચા કરવામાં આવશે.

# RUSSIA - UKRAINE STRIKE

રશિયાએ યુક્રેનની રાજધાની કીવ પર કરેલા એક મોટા અને ભીષણ હુમલામાં 25 લોકોના મોત થયા છે જ્યારે 100 લોકો ઘાયલ થયા છે. રશિયાએ યુક્રેનની રાજધાની કીવ અને અન્ય ડઝન જેટલા વિસ્તારોને નિશાન બનાવીને 70 મિસાઇલો અને ડઝનબંધ ઓટોમેટિક ડ્રોન દ્વારા હુમલો કર્યો હતો.

યુક્રેનના રાષ્ટ્રપતિએ જણાવ્યુ હતું કે યુક્રેનના સૈન્ય દળોએ 44 મિસાઇલોને હવામાં જ તોડી પાડી હતી અને 117 ડ્રોનને નિષ્ક્રિય કર્યા હતા. તેમણે આ હુમલાની સખત નિંદા કરતા તેને હિંસાનું ઇરાદાપૂર્વકનું પ્રદર્શન ગણાવ્યું છે.

# SAUDI - HOUTHI CONFLICT

ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથ હુથીએ સાઉદી અરેબિયાના બે એરપોર્ટ પર હુમલો કર્યો હતો, જેમાં 3 લોકોના મોત થયા છે અને 30થી વધુ લોકો ઘાયલ થયા છે. જેના કારણે પશ્ચિમ એશિયામાં તણાવ વધી ગયો છે.

સાઉદીના અધિકારીઓએ જણાવ્યું હતું કે, આભા એરપોર્ટ પર થયેલા હુમલામાં મોરોક્કો અને અલ્જીરિયાના નાગરિકોના મોત થયા હતા. જ્યારે કિંગ ખાલિદ એરપોર્ટ પર થયેલા હુમલામાં એક સુદાનના નાગરિકનું મોત થયું હતું અને 8 લોકો ઘાયલ થયા હતા.

સાઉદી અરેબિયા અને તેના સહયોગી યમનના સૈન્ય દળોએ, એક મહિના પહેલા હુથીઓએ યમનના પશ્ચિમી લાલ સમુદ્રના કિનારે અને બાબ અલ-મંડેબ સમુદ્રધૂની પાસે કબજે કરેલા વિસ્તારોને પાછા મેળવવા માટે મોટું જમીની અને હવાઈ અભિયાન શરૂ કર્યું છે.

# TABLE TENNIS - CHINA SMASH

ટેબલ ટેનિસમાં ભારતીય પેડલર્સ માનુષ શાહ અને દિયા ચિત્તલની જોડી બેઇજિંગમાં યોજાયેલા ચાઇના સ્મેશની સેમિફાઇનલમાં પહોંચી છે. રોમાનિયાના ખેલાડીઓને 3-0 થી હરાવીને WTT ગ્રાન્ડ સ્મેશની સેમિફાઇનલમાં પહોંચનારી પ્રથમ ભારતીય મિશ્રિત ડબલ્સ જોડી બનીને ઇતિહાસ રચ્યો છે.

પાંચમી ક્રમાંકિત ભારતીય જોડીએ અંતિમ ચારમાં સ્થાન સુરક્ષિત કરવા માટે ક્વાર્ટર ફાઇનલમાં 11-9, 13-11, 11-3થી જીત મેળવી હતી.

# SHOOTING

ઓલિમ્પિક ચંદ્રક વિજેતા સ્વપ્નિલ કુસાલે અને સરબજોત સિંહ આજથી ઇજિપ્તના કૈરોમાં શરૂ થઈ રહેલા ISSF વર્લ્ડ કપ 2026માં 35 સભ્યોની ભારતીય શૂટિંગ ટુકડીનું નેતૃત્વ કરશે.

કૈરો મીટ રાઇફલ અને પિસ્તોલ શૂટર્સ માટે વર્ષનો ચોથો અને અંતિમ ISSF વર્લ્ડ કપ છે. આ સ્પર્ધા 10 થી 15 ઓક્ટોબર દરમિયાન ઇજિપ્તીયન આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સિટી શૂટિંગ રેન્જ ખાતે યોજાશે.

# TENNIS - CHINA OPEN

ચાઇના ઓપન ટેનિસમાં, આજે બેઇજિંગ ખાતે રમાનારી મહિલા સિંગલ્સની ક્વાર્ટર ફાઇનલમાં કેરોલીના મુચોવા અને નિકોલા બાર્ટુનકોવા સામસામે ટકરાશે. બીજી ક્વાર્ટર ફાઇનલમાં મીરા એન્ડ્રીવાનો મુકાબલો એકાટેરીના એલેક્ઝાન્ડ્રોવા સામે થશે.

એલેક્ઝાન્ડ્રોવાએ વિમ્બલ્ડન ચેમ્પિયન લિન્ડા નોસ્કોવાને 6-2, 6-2થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં સ્થાન મેળવ્યુ છે.

# JAISHANKAR - CÔTE D'IVOIRE

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે ગઈકાલે રાત્રે આબિદજાન ખાતે કોટ ડી આઇવરીના સંરક્ષણ મંત્રી તેરા બિરહિમા વૌતારા સાથે મુલાકાત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે, બંને પક્ષોએ પરસ્પર વિશ્વાસ, ક્ષમતા નિર્માણ અને સમાન હિતો પર આધારિત તેમની વધતી જતી સંરક્ષણ ભાગીદારી અંગે ચર્ચા કરી હતી.

તેઓએ તાલીમ, ક્ષમતા નિર્માણ અને સંસ્થાકીય આદાન-પ્રદાન વધારવા સહિત સંરક્ષણ અને આતંકવાદ સામેની લડાઈમાં સહયોગને વધુ મજબૂત કરવાની તકો પર પણ વિચારો વિમર્શ કર્યું હતું.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે કરણ મકવાણા

- આજના અખબારોમાં RBIએ વ્યાજદરમાં કરેલા વધારા અંગેના સમાચાર હેડલાઇન્સમાં વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચારની હેડલાઇન છે – પ્રજાને પડ્યા પર પાટુ:આરબીઆઇએ વ્યાજદરમાં 0.25 ટકાનો વધારો કરતાં લોન મોંઘી થશે.
- સંદેશ લખે છે – આરબીઆઇનો આંચકો:રેપો રેટ 44 મહિના બાદ 0.25 ટકા વધ્યો
- હિન્દી અખબાર રાજસ્થાન પત્રિકા લખે છે – લોન મહંગા, ઇએમઆઇ બઢી.. ઘર કે બજટ પર પડેગા અસર
- સ્થાનિક સમાચારોમાં અમદાવાદ મનપાની ઓફિસ, 10 સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી અને રાજ્યના અભયારણ્યો – નેશનલ પાર્કસ અઠવાડિયું વહેલા ખુલશે સહિતના સમચાર વાંચવા મળી રહયા છે.